 ISSN: 2349-6002

# New Education Policy and Current Issues

Roshani Bhikhanbhai Bareja[1], Dr. Bhavana R. Keshwala[2]
[1]*Department Of Economics Dr.V.R.Godhaniya P.G. Centre Porbandar.*
[2]*Guide*
*doi.org/10.64643/IJIRTV12I8-191481-459*

**સારાંશ :-**NEP 2020 એટલે કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કે જેને શરૂઆત 2020 થી કરવામાં આવી એટલે કે 2020 માં NEP ની રચના થઈ અને 2023 થી તેનો અમલ થયો. NEP 2020 નો મુખ્ય ઉદ્દેશ એ બાળકોને શિક્ષણ આપી અને શિક્ષિત કરવા અને ભારતને વિશ્વના ઉચ્ચ શિક્ષણ ધરાવતા દેશની હરોળમાં મુકવાનું છે. NEP 2020 અમલમાં આવવાથી તેની હકારાત્મક અસરો અને નકારાત્મક અસરો અસ્તિત્વમાં આવેલી છે તેને આપણે સમજવાનો પ્રયત્ન કરવાનો છે. NEP 2020 શિક્ષણના નવા માળખાનું સર્જન કરે છે જેમાં તે શિક્ષણ માટે નવી તરેહ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું પ્રતિબિંબ, તેમાં કરવામાં આવેલા સુધારા, વિવિધ યોજનાઓ, ડિજિટલ એજ્યુકેશન તથા તેને કરેલી મુખ્ય પહેલ અહીં દર્શાવવામાં આવેલી છે. NEP 2020 નું મુખ્ય કાર્ય એ બાળકોની સંભાળની સાથે નવા શિક્ષણના અભ્યાસક્રમનું સર્જન કરવાનું, વિદ્યાર્થીઓ પોતાનું અધુરુ ભણતર મૂકી અને ચાલ્યા જાય તો તેના કારણોને તપાસવાનું, શિક્ષણમાં વિદ્યાર્થીઓ 50% સુધી સંખ્યા વધારવાનું તથા નવી શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનું છે. નવી શિક્ષણ નીતિની વર્તમાન બાળકોના માનસિક સ્વાસ્થ્ય પર પડેલી હકારાત્મક અને નકારાત્મક બાબતોનો આપણે અહીં અભ્યાસ કરવાનો છે.

❖ **નવી શિક્ષણ નીતિ અને વર્તમાન પ્રશ્નો :-**

❖ વિષય પ્રવેશ :-

માનવીને સાક્ષર બનાવી અને સક્ષમ બનાવવો તથા સમાનતા અને ન્યાયતા લાવી સમાજને પ્રબળ બનાવવાનું કાર્ય શિક્ષણ કરે છે. આર્થિક વિકાસ કરવા, સામાજિક વિકાસ કરવા, વિજ્ઞાન અને ટેકનોલોજી ની આગળ વધારવા તથા રાષ્ટ્રમાં એકતા બની રહે અને સંસ્કૃતિનું રક્ષણ થઈ શકે તે માટે NEP 2020 તેનો મહત્વનો યોગદાન પ્રદાન કરે છે. અને જો આ યુવાનોના યોગદાનથી દેશનો વિકાસ કરવો હોય તેને વિકસિત બનાવવો હોય તો શિક્ષણ નીતિને મજબૂત બનાવવી જરૂરી છે. નવી શિક્ષણનીતિનો અમલ કરાવવો આવશ્ય બાબત છે. કારણ કે દેશનું ભવિષ્ય દેશમાં વસતા યુવાનો છે.

❖ નવી શિક્ષણ નીતિના સિદ્ધાંતો :-

- અહીં બાળકોમાં રહેલ કલા, કૌશલ્ય અને પ્રતિભા ધરાવતા બાળકની ઓળખ કરવાની તથા તેના વિકાસમાં પ્રોત્સાહન આપી તથા બાળકોના શિક્ષણમાં વાલીઓ અને શિક્ષકોને ભાગીદાર બનાવવા જોઈએ.
- સમાનતા એ નવી શિક્ષણનીતિમાં આવરી લેવામાં આવેલ એક મહત્વનો મુદ્દો છે જે દેશના બાળકોમાં રહેલી અસમાનતા ને દૂર કરવામાં મદદરૂપ છે.
- શિક્ષણનીતિની એક ગુણવત્તાની મહત્વની જોગવાઈ છે કે જેમાં બધા સ્તરે સમાણ ગુણવત્તા વાળુ શિક્ષણ મળી રહેવું આવશ્યક છે.

- એક મહત્વની બાબતનો સમાવેશ કરવામાં આવેલો છે કે ગમે તે બાળકને ગમે તે સ્થળે સરળતાથી મળી રહે તેવા શિક્ષણની પણ જોગવાઈ કરેલી છે.
- વિદ્યાર્થીઓને પોતાની રુચિ અને પ્રતિભા પ્રમાણે અભ્યાસક્રમ પસંદ કરવાની છૂટછાટ આપવી.
- શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં નવપ્રવર્તન લાવવું તથા તેમના વિકાસની ગતિને વેગ આપવો.

❖ નવી શિક્ષણ નીતિના હેતુઓ :-

ભારત સરકારે નવી શિક્ષણનીતિમાં ઘણા બધા હેતુઓનો સમાવેશ કરેલો છે. જેમાં ભારતની શિક્ષણનીતિને ગુણવત્તાયુક્ત બનાવવી , આધુનિક બનાવવી અને સમગ્ર વિષયો આવરી લે તેવી બનાવવાની ભલામણ કરેલ છે. જેમાં દરેક સ્તરે વિદ્યાર્થીઓને સરખું (સમાન) શિક્ષણ આપવું જોઈએ, વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક, બૌદ્ધિક તથા નૈતિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનો વિકાસ કરવો, માતૃભાષાના શિક્ષણ તરફ જાગૃતિ લાવવી, ટેકનોલોજી નો ઉપયોગ કરી અને કૌશલ્ય આધારિત શિક્ષણ સાથે જ્ઞાન આપવું તથા વિશ્વ સ્તનની શિક્ષણ પ્રણાલીની હરોળમાં ધ્યાન આપી અને ઊભા રહેવાની વાત કરેલી છે.

નવી શિક્ષણનીતિ આવવાના ફાયદા ઘણા થયા છે પરંતુ સાથે સાથે તેની મર્યાદાઓ પણ છે. જેમ એક સિક્કાની બે બાજુઓ હોય છે તેમ NEP 2020 ના ફાયદા ની સાથે ગેરફાયદા પણ છે જે વર્તમાન વિદ્યાર્થીના માનસિક સ્વાસ્થ્ય પર અસર ઉપજાવે છે જેને આપણે સમજવાના છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં નવા ફેરફારો કરી તથા અભ્યાસક્રમોમાં પરિવર્તન લાવી શૈક્ષણિક કાર્યના વાતાવરણમાં ફેરફાર કરી વિદ્યાર્થીઓને અનુકૂળ અને ગૂંચવણ તથા ગભરાહટ માંથીઉગારવાની વાત કરેલી છે. તેનો એક હેતુ વિદ્યાર્થીને પ્રવૃત્તિમાં ભાગીદાર બનાવવાનો છે. વિદ્યાર્થીઓ તેના અભ્યાસમાં મદદરૂપ તથા સહાયરૂપ થઈ રહે તેવી નાણાકીય સહાય આપવી જોઈએ.

હાલનું શિક્ષણ એ શિક્ષણનીતિના અનુરૂપ રોજગારલક્ષી તથા તેમાં ઘણા બધા વિષયોને સમાવિષ્ટ કરવાનો તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓને વ્યવસાય, કૌશલ્યવાળુ તથા જ્ઞાન આપનારું હોવું જોઈએ તે આવશ્યક બાબત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ની એ 21 મી સદીની પહેલી અને મહત્વ ધરાવતી શિક્ષણનીતિ છે જેનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના વિકાસ માટેની તમામ જરૂરિયાતોને સંતોષવાનો છે તેમ કહી શકાય.

અગાઉ દર્શાવેલ ની શિક્ષણ નીતિ નો વ્યવસ્થિત અભ્યાસ કરીને તથા વિદ્યાર્થીઓને અનુકૂળતા ને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થી પોતાની અનુકૂળતા, પ્રતિભા અને રુચિના આધારે પોતાના જીવનના માર્ગ પસંદ કરી શકે છે. તેમાં બાળકની મૂંઝવણનો અભ્યાસ તથા નિવારણ માટેની ભૂમિકા પણ દર્શાવેલી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તેના નવા આધારસ્તંભોને આધારે વિકાસના માર્ગમાં આગળ વધી રહી છે. ક્યાંક ને ક્યાંક બાળક અથવા તો વિદ્યાર્થી અને શિક્ષક બંને મુશ્કેલીમાં મુકાય છે અને તેને મૂંઝવણનો સામનો કરવો પડે છે. પરંતુ નવી શિક્ષણ પ્રણાલીને અમલ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ દેશના લોકોના ભવિષ્ય અને આપણા દેશના વિકાસનો છે. અહીં સમસ્યાઓ ઘણી બધી છે પરંતુ તેની સાથે સાથે સમાધાન પણ છે. માત્ર સાચા રસ્તાની શોધની જરૂર છે.

❖ NEP 2020 નવી શિક્ષણનીતિના ફાયદાઓ: -

1. સરળ અને સુસ્પષ્ટ શૈક્ષણિક માળખું આપણને પ્રાપ્ત થયેલ છે. તેમાં 10+2 ની હરમાળાને બદલીને 5+3+3+4 માળખું અપનાવવામાં આવ્યું.

2. વિદ્યાર્થીઓના માણસના યાદશક્તિ કરતા વિચારશક્તિ અને પ્રશ્નોના હલ કરવાની ક્ષમતા નો વિકાસ કરવો.
3. આપણે પ્રાથમિક સ્તરે આપણી માતૃભાષામાં અને પ્રાદેશિક કે વૈશ્વિક સ્તરે તેની ભાષામાં શિક્ષણના અભ્યાસને પ્રોત્સાહન મળ્યુ છે.
4. વર્તમાન શિક્ષકોની આવડત તેમની સંપૂર્ણ હાજરી તથા નિયમિતતા અને કૌશલ્યના કારણે બાળકોનો વિકાસ થયો છે.
5. અભ્યાસક્રમોને વધારે ટેકનોલોજીનો ઉપયોગ કરી અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ભણાવવાનો પ્રયત્ન થયો છે.
6. વિદ્યાર્થીઓને કૌશલ્યવાળું, આવડતવાળું તથા રોજગારી આપનારું શિક્ષણ મળી રહે છે.
7. વિદ્યાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ મળે તથા આર્થિક રીતે સહાય મળે અને સાથે સાથે તાલીમ પણ મળવા પાત્ર છે.

આમ ઉપરોક્ત રીતે NEP 2020 એટલે કે નવી શિક્ષણનીતિના ફાયદાઓ થતા જોવા મળે છે.

❖ NEP 2020 નવી શિક્ષણનીતિની મર્યાદાઓ: -

1. નવી શિક્ષણનીતિની જાણકારી ના અભાવને કારણે વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય મૂંઝવણમાં રહે છે.
2. NEP 2020 ના નિયમોને કારણે આંતરિક મૂલ્યાંકન, પ્રોજેક્ટ, અસાઇમેન્ટ તથા ઇન્ટર્નશિપના કારણે વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ જોવા મળ્યો છે.
3. ઘણા બધા વિષયો હોવાથી વિદ્યાર્થીને વિષય પસંદ કરવામાં ગભરાહટ, ચિંતા અને નિર્ણય ન લઈ શકવાથી તણાવ થાય છે જેથી તે ગુંચવણમાં મુકાય છે.
4. NEP 2020 નો એક મોટો ગેરફાયદો એ છે કે વધારે પડતો ટેકનોલોજી કે આધુનિક વસ્તુઓ પર નિર્ભર રહેવું પડે છે.
5. ક્યારેક ક્યારેક માતા પિતા તથા શિક્ષકોની વધતી જતી અપેક્ષા પણ ક્યાંક ને ક્યાંક બાળકનો ભોગ લેય છે.
6. નવી શિક્ષણ નીતિ ક્યારેક શિક્ષકોની પણ સમજની બહાર હોય છે તો વિદ્યાર્થી સુધી સરળતાથી પહોંચી રહેવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી તે એક સમસ્યા છે.
7. નવી શિક્ષણનીતિમાં ક્યારેક ગામડાના શિક્ષણ તથા શહેરના શિક્ષણમાં તફાવત રહે છે અને તેની સાથે સાથે કારકિર્દી અંગે વહેલી ચિંતા આવવાથી કે વર્તમાન સ્પર્ધામાં વધારો થવાથી પણ બાળકમાં ગેરરીતિ અથવા તો બેદરકારી ઊભી થઈ છે.

## સમાપન

નવી શિક્ષણનીતિ એ અમૃતની સાથે સાથે ક્યારે અભિશાપ જેવી માલુમ પડે છે. આમ આપણે કહી શકીએ કે નવી શિક્ષણનીતિ બાળકોના વિકાસની સાથે દેશના વિકાસમાં પોતાનો મહત્વનો ફાળો આપે છે. શિક્ષણ ઉપર એક વાક્ય છે કે "શિક્ષણ એ સિંહણના દૂધ સમાન છે કે જે પીવે છે તે ત્રાડ નાખે છે" અહીં આપણે કહી શકે કે નવી શિક્ષણનીતિ દ્વારા આપણે ઘણા બધા સુધારા લાવી શક્યા છે. અને ઘણા બધા સુધારા હજુ લાવવાની આવશ્યકતા છે. તે માટે શૈક્ષણિક પરિવર્તન લાવવું અને ગુણવતા ભર્યું બનાવવું જેથી વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રવૃત્તિ વેગમાન બને અને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે તે મહત્વની બાબત છે.

## સંદર્ભ સૂચિ


[1] https://bhoomiputra1953.wordpress.com/2020/09/04/new-education-policy-2020-nep-india-education/
[2] https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/nep/2020/GUJARATI.pdf
[3] https://www.pib.gov.in/PressReleasePage.aspx?PRID=2150571&reg=3&lang=2#:~:text=NEP%202020%E0%AA%A8%E0%AB%8B%20%E0%AA%B9%E0%AB%87%E0%AA%A4%E0%AB%81%202035,%E0%AA%A7%E0%AB%8D%E0%AA%AF%E0%AA%BE%E0%AA%A8%20%E0%AA%95%E0%AB%87%E0%AA%A8%E0%AB%8D%E0%AA%A6%E0%AB%8D%E0%AA%B0%E0%AA%BF%E0%AA%A4%20%E0%AA%95%E0%AA%B0%E0%AB%80%20%E0%AA%B0%E0%AA%B9%E0%AB%80%20%E0%AA%9B%E0%AB%87
[4] https://www.pib.gov.in/PressReleasePage.aspx?PRID=2150571&reg=3&lang=2
[5] https://en-wikipedia-org.translate.goog/wiki/National_Education_Policy_2020?_x_tr_sl=en&_x_tr_tl=gu&_x_tr_hl=gu&_x_tr_pto=tc
[6] https://www.gujaratsamachar.com/news/national/new-education-policy-class-11-12-syllabus-change-ai-subject-66996927152.html
[7] https://bhoomiputra1953.wordpress.com/2020/09/04/new-education-policy-2020-nep-india-education/